# ૧૧ રચના

1. જે ત્રિકોણની બાજુઓનો આપેલ $\Delta ABC$ની અનુરૂપ બાજુઓ સાથેનો ગુણોત્તર ¾ હોય તેવા ત્રિકોણ ABC ને સમરૂપ ત્રિકોણની રચના કરો.
2. જેની બાજુઓ ત્રિકોણ ABC ની અનુરૂપ બાજુઓ સાથે 5/3 નો ગુણોત્તર રચે તેવો આપેલ ત્રિકોણ ABC ને સમરૂપ ત્રિકોણ રચો.
3. 7.6 સેમી લંબાઇનો રેખાખંડ દોરી તેનું 5:8 ના ગુણોત્તરમાં વિભાજન કરો. બંન્ને ભાગ માપો.
4. 4 સેમી, 5 સેમી અને 6 સેમી બાજુવાળા ત્રિકોણની રચના કરી અને પછી આ ત્રિકોણની બાજુઓને અનુરૂપ તે બાજુઓ થી 2/3 ગણી બાજુવાળા ત્રિકોણની રચના કરો.
5. 5 સેમી, 6 સેમી અને 7 સેમી બાજુવાળા ત્રિકોણની રચના કરો અને પછી બીજો ત્રિકોણ રચો જેની બાજુઓ પ્રથમ ત્રિકોણની અનુરૂપ તે બાજુઓ કરતાં 7/5 ગણી હોય.
6. 8 સેમી આધાર અને 4 સેમી વેધવાળા સમદ્વિબાજુ ત્રિકોણની રચના કરો અને પછી બીજો એવો ત્રિકોણ રચો કે જેની બાજુઓ સમદ્વિબાજુ ત્રિકોણની અનુરૂપ બાજુઓ કરતાં 1 ½ ગણી હોય.
7. BC = 7 સેમી, $\angle B = 45°$, $\angle A = 105°$ હોય તેવો ત્રિકોણ ABC રચો. પછી એવા ત્રિકોણ ની રચના કરો કે જેની બાજુઓ ત્રિકોણ ABC ની અનુરૂપ બાજુઓથી 4/3 ગણી હોય.
8. 6 સેમી ત્રિજ્યાવાળું વર્તુળ દોરો.તેના કેન્દ્રથી 10 સેમી દૂર આવેલા બિંદુમાંથી વર્તુળના સ્પર્શક ની જોડીની રચના કરો અને તેમની લંબાઇ માપો.
9. 4 સેમી ત્રિજ્યાવાળા વર્તુળને સમકેંદ્રી બીજા 6 સેમી ત્રિજ્યાવાળા વર્તુળ પરના બિંદુમાંથી પ્રથમ વર્તુળના સ્પર્શક ની રચના કરો અને તેની લંબાઇ માપો. વાસ્તવિક ગણતરી થી માપની ચકાસણી પણ કરો.
10. 3 સેમી ત્રિજ્યાવાળું વર્તુળ દોરો.તેના કેન્દ્રથી લંબાવેલા વ્યાસ પર દરેકનું અંતર 7 સેમી થાય તે રીતે બિંદુઓ P અને Q લો. બિંદુઓ P અને Q માં થી વર્તુળને સ્પર્શકો દોરો.